# <u>પીએચ.ડી. કોર્ષવર્ક માટે અગત્યની સૂચના</u>

(૧) પીએચ.ડી. પ્રવેશ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ જેમણે કોર્ષવર્ક માટેની ફી ભરેલ છે તેમના માટે નીચે જણાવ્યા પ્રમાણે કોર્ષવર્કનું આયોજન કરેલ છે.

(૨) જેઓએ અગાઉના કોષવર્કમાં સફળતાપૂર્વક કોર્ષવર્ક કરેલ નથી અથવા જેમનો કોર્ષવર્ક બાકી છે તેમણે આ કોર્ષવર્કમાં ફરજીયાત જોડાવાનું રહેશે. જેમના નામ યુનિવર્સિટીવેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. જેમના નામ ન હોય અને કોર્ષવર્ક બાકી હોય તેઓએ યુનિવર્સિટીનો સંપર્ક સાધી પોતાનો કોર્ષવર્ક નિશ્ચિત કરવો.

(૩) કોર્ષવર્કના અંતે લેવાનાર પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓની આગળ રજીસ્ટ્રેશનની કાર્યવાહી થશે અને ત્યાર બાદ ગાઈડ ફાળવણીની કાર્યવાહી થશે. વધુમાં આગળની સૂચનાઓ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ જોતા રહેવું.

(૪) પ્રથમ ચરણમાં કોર્ષવર્ક બધા જ વિદ્યાર્થીઓ માટે સાથે રાખવામાં આવેલ છે. જે તા.૦૧/૦૫/૨૦૧૯ થી તા.૦૬/૦૫/૨૦૧૯દરમ્યાન ગોઠવવામાં આવેલ છે. દરરોજના કુલ ૦૬ કલાકનું સેસન રહેશે. જેમાં સવારે ૦૭:૩૦ કલાકથી ૧૦:૩૦ કલાક દરમ્યાન બે લેકચર તેમજ ૧૦:૩૦ કલાકથી ૦૧:૩૦ કલાક દરમ્યાન બે લેકચર લેવામાં આવશે.

(૫) બીજા ચરણમાં કોર્ષવર્કનું આયોજન વિદ્યાશાખા મુજબ કરેલ છે. કોર્ષવર્કના કો–ઓર્ડિનેટર/ વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા આ અંગેનો વિગતવાર પ્રોગ્રામ નકકી કર્યા મુજબ વિદ્યાર્થીઓને જણાવવામાં આવશે. જે તા.૦૭/૦૫/૨૦૧૯ થી તા.૧૨/૦૫/૨૦૧૯દરમ્યાન ગોઠવવામાં આવેલ છે.

(૬) તા.૧૨/૦૫/૨૦૧૯ના રોજ જેવિદ્યાર્થીઓએ ૭૨ કલાકનો કોર્ષવર્ક પૂર્ણ કરેલ છે. તેમણે કોર્ષવર્ક અંગેની પરીક્ષા આપવાની રહેશે. જેની વિગતવારમાહિતી હવે પછી આપવામાં આવશે.

(૭) પીએચ.ડી. કોર્ષવર્ક માટે તા.૦૧/૦૫/૨૦૧૯ થી તા.૧૨/૦૫/૨૦૧૯ સુધી યુનિવર્સિટીકેમ્પસ ખાતે દર્શાવેલ સમયે અને સ્થળે ફરજીયાત હાજર રહી કોર્ષવર્ક પૂર્ણ કરવાનો રહેશે.

(૮) આયુનિવર્સિટીમા તાજેતરમાં લેવાયેલ Ph.D. પ્રવેશ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને કોર્ષવર્ક કરાવવાનું થાય છે.કોર્ષવર્કબાદતેની પરીક્ષા આપવી અને તેમાં ઉતિર્ણ થવું ફરજીયાત છે. <u>જેમાં એક</u>

<u>અસાઈનમેન્ટ, એક રીવ્યું પેપર લખવાના રહેશે.</u> જો કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં અસફળ રહે અથવા પરીક્ષા ન આપે તો તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહિ.

(૯) સદર કોર્ષવર્કમાં વિદ્યાર્થીઓએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે. યુનિવર્સિટીના જે તે વિભાગમાં વિધાર્થીઓની બે ટાઈમની હાજરી માટે બાયોમેટ્રીક પધ્ધતિથી હાજરી ભરાવી ફરજીયાત છે. કોર્ષવર્કના અંતે પાસ થયેલ વિદ્યાર્થીઓને કોર્ષવર્કમાં પાસ થયાનું સર્ટીફીકેટ આપવામાં આવશે અને આ સર્ટીફીકેટ મેળવેલ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

(૧૦) જે વિધાર્થી ભાઈઓ / બહેનોએ હોસ્ટેલમાં રહેવું હોય તેઓએ અગાઉથી નીચે દર્શાવેલ રેકટરશ્રીને તેઓના કોન્ટેક નંબર પર ટેલીફોનીક સંપર્ક કરી વિગતો આપી બે દિવસ અગાઉ નોંધણી કરાવવી પડશે. ત્યાર બાદ જ હોસ્ટેલમાં રોકાણની વ્યવસ્થા મળવાપાત્ર થશે.

- ભાઈઓ / બહેનો માટે હોસ્ટેલમાં રોકાણ શ્રી મુકેશભાઈ પટેલ, કોન્ટેક નં. ૯૮૯૮૦૯૬૯૭૫

  ઉપરોકત રેકટરશ્રી પાસે બે દિવસ અગાઉથી નામ નોંધણી કરાવી રૂમ નંબર મેળવી લેવાનો રહેશે. અન્યથા હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા મળશે નહીં.
- સવારે ચા–નાસ્તા તથા ભોજનની વ્યવસ્થાવિદ્યાર્થીએ સ્વખર્ચે કરવાની રહેશે.
- જો યુનિવર્સિટી હોસ્ટેલ ખાતે આપ ભોજનની વ્યવસ્થા ઈચ્છતા હોય તો, નીચે દર્શાવેલ કોન્ટેક નંબર પર ટેલીફોનીકસંપર્ક કરી અગાઉથી નોંધણીની વ્યવસ્થા ગોઠવી લેવી.
  - શ્રી રાજુભાઈ ત્રિવેદી, કોન્ટેક નં. ૯૮૨૫૨૮૭૩૪૫ (પી.જી. બોયઝ હોસ્ટેલ)
  - શ્રી કૌશિકભાઈ રાજગોર, કોન્ટેક નં. ૮૧૫૩૯૬૭૩૪૭ (વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ)

  **(જમવાનો સમય – બપોરે ૧:૩૦ થી ૨:૩૦ અને સાંજે ૬:૩૦ થી ૮:૦૦)**

(૧૧) આગળની સૂચનાઓ તથા સિલેબસ અને ટાઈમટેબલ માટે યુનિવર્સિટીવેબસાઈટ જોતાં રહેવું.